PRGI : GJGUJ/25/A4373

દર સોમવારે નિયમિત પ્રસિધ્ધ થતું સાપ્તાહિક અખબાર...

કોઈપણ કિંમત પર સમાચાર...

# સાબર રીપોર્ટર ન્યૂઝપેપર

Weekly સાપ્તાહિક ગુજરાતી

સહતંત્રી : શીતલ ઠાકર । મો.૯૭૨૭૮ ૬૧૩૬૦
તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

રજિસ્ટર્ડ સરનામું : ૮૯૨, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા,તા.ઈડર,જી.સાબરકાંઠા-૩૮૩૪૩૦. મો.૯૮૯૮૬૯૩૯૮૫ E-mail : badshahpathan@gmail.com

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

તા.૧૦-૦૮-૨૦૨૬ । અંક નં.૩૨ । પાના : ૪ । વર્ષ : ૧ । કિંમત રૂા.૨ । વાર્ષિક : ૧૦૦ Date : 10-08-2026 I Isseu No. 32 I Page : 4 I Year : 1 I Price : 2 Yearly : Rs. 100

## માનવતાના મસિહા અને બે રૂપિયાના ડોક્ટરઃ ડો. એ.કે. રૈરુ ગોપાલ



જ્યારે દેશમાં તબીબી ક્ષેત્ર વેપારીકરણના દોરમાંથી પસાર થઈ રહ્યું છે અને મોટી કોર્પોરેટ હોસ્પિટલો નફાખોરી પાછળ દોડી રહી છે, ત્યારે માત્ર ૨ રૂપિયા ફી લઈને ૧૮ લાખથી વધુ ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓનું જીવન બચાવનાર માનવતાના સાચા મસિહા ડૉ. એ.કે. રૈરુ ગોપાલ (Dr. A.K. Rairu Gopal) હવે આપણી વચ્ચે નથી રહ્યા. ૮૦ વર્ષની વયે વયસહજ બીમારીના કારણે તેમનું અવસાન થયું છે. તેમના નિધનથી તબીબી જગત અને લાખો ગરીબ પરિવારોમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે.

પિતાના સિદ્ધાંતોને જીવનનો ધ્યેય બનાવ્યો

ડૉ. રૈરુ ગોપાલનો જન્મ કેરળના કન્નુર જિલ્લામાં થયો હતો. તેઓ જાણીતા તબીબ ડૉ. એ.જી. નંબિયારના પુત્ર હતા. તેમના પિતાએ તેમને એક મહાન વિચાર આપ્યો હતોઃ ×જો પૈસા જ કમાવવા હોય તો બેંક લૂંટી લો કે બીજો કોઈ ધંધો કરો, પણ તબીબી ક્ષેત્રને પૈસા કમાવવાનું સાધન ન બનાવો×. આ વાતને શિરોમાન્ય રાખીને ડૉ. રૈરુ ગોપાલે કોઝિકોડ મેડિકલ કોલેજમાંથી સ્મ્મ્જીની ડિગ્રી મેળવ્યા બાદ પોતાનું આખું જીવન ગરીબોની સેવા માટે સમર્પિત કરી દીધું.

દૈનિક વેતન મજૂરો માટે પરોઢિયે ૪:૦૦ વાગ્યે ક્લિનિક ખુલ્લું મુકતા

તેમની દિનચર્યા અદ્ભુત અને પ્રેરણાદાયી હતી. રોજ સવારે ૨:૧૫ વાગ્યે ઊઠીને પોતાના ઘરના ગોશાળાની સફાઈ કરવી, ગાયોની સેવા કરવી, પ્રાર્થના કરવી અને છાપું વાંચ્યા બાદ સવારે ૪:૦૦ વાગ્યે જ તેઓ પોતાના ક્લિનિકે પહોંચી જતા.

સમયની કદરઃ મજૂરોને પોતાની દૈનિક રોજીરોટી ગુમાવવી ન પડે અને શાળાએ જતા બાળકોનો અભ્યાસ ન બગડે તે માટે તેઓ સૂર્યોદય પહેલા દર્દીઓને તપાસવાનું શરૂ કરી દેતા.

દૈનિક ૩૦૦થી વધુ દર્દીઓઃ તેમના ક્લિનિક બહાર સવારથી જ લાંબી લાઈનો લાગતી અને તેઓ રોજ ૩૦૦થી પણ વધુ દર્દીઓને પ્રેમપૂર્વક તપાસતા હતા.

ડૉ. રૈરુ ગોપાલે ક્યારેય કોઈ ફાર્માસ્યુટિકલ કંપનીની ગિફ્ટ, કમિશન કે લક્ઝરી સેવાઓનો સ્વીકાર ન કર્યો. તેઓ હંમેશા જિનેરિક અને અત્યંત સસ્તી દવાઓ જ લખી આપતા, જેથી ગરીબ દર્દીઓ પર દવાઓનો આર્થિક બોજ ન પડે. જો કોઈ દર્દી પાસે દવા ખરીદવાના પણ પૈસા ન હોય તો તેઓ પોતાના ખર્ચે મફતમાં દવાઓ આપી દેતા.

IMA દ્વારા 'શ્રેષ્ઠ ફેમિલી ડોક્ટર' નું સન્માન

તેમની અજોડ અને નિઃસ્વાર્થ સેવાઓ માટે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દ્વારા તેમને રાજ્યના 'શ્રેષ્ઠ ફેમિલી ડોક્ટર' (Best Family Doctor) ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જોકે, તેઓ કોઈ પણ પ્રકારની પ્રસિદ્ધિ કે પબ્લિસિટીથી હંમેશા દૂર રહ્યા.

એક અજોડ વારસો અને શ્રદ્ધાંજલિ

અડધી સદી (૫૦ વર્ષ) કરતાં પણ વધુ સમય સુધી તબીબી સેવા આપીને ૨ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા. કન્નુરમાં યોજાયેલી તેમની અંતિમયાત્રામાં હજારો મજૂરો, સામાન્ય નાગરિકો અને અગ્રણી નેતાઓ અશ્રુભીની આંખે જોડાયા હતા.તેમના પત્ની ડૉ. શકુંતલા (જેઓ પોતે પણ એક તબીબ છે) અને પરિવારના સભ્યોએ તેમની આ સેવાયાત્રામાં સતત સાથ આપ્યો હતો.ડૉ. એ.કે. રૈરુ ગોપાલનું જીવન આપણને શીખવે છે કે તબીબી સેવા એ માત્ર કમાણીનો વ્યવસાય નથી પરંતુ માનવતાનું સૌથી પવિત્ર કામ છે. 'બે રૂપિયાના ડોક્ટર' તરીકે અમર થઈ ગયેલા આ મહાન આત્માને આખો દેશ નમન કરે છે.

●

## ઈડરમાં મનરેગા વિભાગનો મસ્ટર કારકુન ?૧૫,૦૦૦ની લાંચ લેતા ઝડપાયો

આવાસ સહાયના પ્રથમ હપ્તામાંથી લાંચ માંગનાર ઓડા ગ્રામ પંચાયતનો મસ્ટર કારકુન એસીબીના છટકામાં ઝડપાયો

રૂ.૧૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો, એસીબીએ ગુનો નોંધી શરૂ કરી વધુ તપાસ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ઓડા ગામમાં પંડિત દિનદયાળ આવાસ યોજના અંતર્ગત લાભાર્થી મહિલા પાસેથી આવાસ સહાયના પ્રથમ હપ્તામાંથી રૂ.૧૫ હજારની લાંચ માંગનાર ગ્રામ પંચાયતના મનરેગા વિભાગના મસ્ટર કારકુનને એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)એ ગોઠવેલા છટકામાં રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

લાભાર્થીને સહાય મંજૂર થયા બાદ માંગણી

મળતી માહિતી મુજબ ઓડા ગામના એક લાભાર્થી પરિવારને પંડિત દિનદયાળ આવાસ યોજના હેઠળ મકાન નિર્માણ માટે સહાય મંજૂર કરવામાં આવી હતી. સહાયનો પ્રથમ હપ્તો રૂ.૩૦ હજાર મહિલાના ખાતામાં જમા થયા બાદ ગ્રામ પંચાયતના મનરેગા વિભાગમાં ફરજ બજાવતા મસ્ટર કારકુન રમેશચંદ્ર મણિલાલ પંડ્યાએ સહાયની પ્રક્રિયા આગળ વધારવાના બહાને રૂ.૧૫ હજારની લાંચની માંગણી કરી હતી.

મહિલાએ કરી એસીબીને ફરિયાદ

લાભાર્થી મહિલા લાંચ આપવા ઈચ્છતી ન હોવાથી તેમણે સાબરકાંઠા એસીબી કચેરીનો સંપર્ક કરી સમગ્ર ઘટનાની જાણ કરી હતી. ફરિયાદના આધારે એસીબીના અધિકારીઓએ આયોજનબદ્ધ રીતે છટકું ગોઠવ્યું હતું.

પાર્લર પાસે ગોઠવાયું છટકું, રંગેહાથ ઝડપાયો આરોપી

યોજના મુજબ આરોપીને દેશોતર ચાર રસ્તા નજીક આવેલા એક પાર્લર પાસે બોલાવવામાં આવ્યો હતો. ત્યાં ફરિયાદી પાસેથી રૂ.૧૫ હજારની લાંચ સ્વીકારતા જ એસીબીની ટીમે આરોપી રમેશચંદ્ર મણિલાલ પંડ્યાને રંગેહાથ ઝડપી લીધો હતો.

વધુ તપાસ હાથ ધરાઈ

એસીબી દ્વારા આરોપીની અટકાયત કરી નિયમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી એસીબીના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. સરકારી યોજનાઓના લાભાર્થીઓ પાસેથી ગેરકાયદેસર રીતે લાંચ માંગતા તત્વો સામે એસીબીની કડક કાર્યવાહીથી સરકારી યોજનાઓમાં પારદર્શિતા જળવાઈ રહે તેવો સંદેશો ગયો છે.

## હિંમતનગરમાં સિવિલ સર્કલથી દુર્ગા બજાર ઓવરબ્રિજનું કામ પૂરઝડપે
## ૧૨૧ મેટ્રિક ટનના ૪ વિશાળ સ્ટીલ ગર્ડર સફળતાપૂર્વક ગોઠવાયા

સાબરકાંઠા જિલ્લાના મુખ્યાલય હિંમતનગર ખાતે નાગરિકોની સુવિધા અને શહેરની વાહનવ્યવહારની સુવિધા સુધારવાના ભાગરૂપે ચાલી રહેલા વિકાસકાર્યો અંતર્ગત સિવિલ સર્કલથી દુર્ગા બજાર વચ્ચે નવનિર્મિત ઓવરબ્રિજનું કામ અત્યારે પૂરઝડપે ચાલી રહ્યું છે. આ કામગીરી અંતર્ગત આજે રેલવે વિભાગ દ્વારા બપોરે ૧૨ થી ૩ વાગ્યા દરમિયાન 'રેલવે બ્લોક' લઈને રેલવે પોર્શનમાં સ્ટીલ ગર્ડર લોન્ચ કરવાની અત્યંત મહત્વપૂર્ણ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

બપોરના સમયે રેલવે ટ્રેક (LC 82) ઉપર કુલ ૪ વિશાળ સ્ટીલ ગર્ડર સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા હતા. લોન્ચ કરાયેલા આ ચારેય સ્ટીલ ગર્ડરનું કુલ વજન ૧૨૧ મેટ્રિક ટન છે, જ્યારે દરેક ગર્ડરની લંબાઈ ૩૭.૨૦૦ મીટર છે. આ નવનિર્મિત ઓવરબ્રિજની કુલ લંબાઈ ૬૨૩.૨૦ મીટર અને પહોળાઈ ૭.૫૦ મીટર રાખવામાં આવી છે.

આ અત્યાધુનિક ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ થવાથી સાબરકાંઠા જિલ્લાના નાગરિકો અને વાહનચાલકોની અવરજવર સરળ બનશે. આ ઉપરાંત હિંમતનગર શહેરના મુખ્ય વિસ્તારોમાં વર્ષોથી સતાવતી ટ્રાફિકની જટિલ સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે. આ બ્રિજના નિર્માણથી સ્થાનિક વેપારીઓ, રાહદારીઓ અને વાહનચાલકોમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ●

## હિંમતનગરમાં વર્ક પરમિટ-વિઝા કૌભાંડઃ આરોપી પ્રિતી વ્યાસની આગોતરા જામીન અરજી ફગાવતી કોર્ટ
### હિંમતનગર પોલીસ દ્વારા આરોપીની ધરપકડ માટેની કાર્યવાહી તેજઃ રૂ. ૩.૭૫ કરોડની છેતરપિંડીનો મામલો

કેનેડા અને અમેરિકાના વર્કપરમિટ તથા વિઝા અપાવવાની લાલચ આપી નિર્દોષ લોકોને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડવાના ચર્ચિત કેસમાં એક મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. આ કેસની મુખ્ય આરોપીઓ પૈકીની એક પ્રિતી વ્યાસ દ્વારા ધરપકડથી બચવા માટે કરવામાં આવેલી આગોતરા જામીન અરજીને કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટના આ આદેશ બાદ હિંમતનગર પોલીસે આરોપીની અટકાયત માટે ચક્ર ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, હિંમતનગરમાં રહેતા એક દંપતિ સામે કેનેડા અને અમેરિકાના વિઝા તથા વર્ક પરમિટ અપાવવાના બહાને આશરે ૨૬ જેટલા લોકો સાથે રૂ. ૩.૭૫ કરોડની મસમોટી છેતરપીંડી કર્યાની હિંમતનગર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

પોલીસ કાર્યવાહીથી બચવા માટે સંડોવાયેલી પ્રિતી વ્યાસે કોર્ટમાં આગોતરા જામીન મેળવવા અરજી કરી હતી. જોકે, કેસની ગંભીરતા, રજૂ થયેલા પુરાવાઓ અને દલીલોને ધ્યાને રાખી કોર્ટે જામીન અરજી ના મંજૂર કરી હતી.

કોર્ટ દ્વારા અરજી નામંજૂર કરાતાં જ હિંમતનગર પોલીસે આરોપી પ્રિતી વ્યાસની ધરપકડ માટે કાર્યવાહી વધુ તેજ બનાવી છે. પોલીસે આ કૌભાંડમાં ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે, જેમાં આગામી દિવસોમાં વધુ ચોંકાવનારી વિગતો અને અન્ય સંડોવાયેલા શખ્સોના નામો સામે આવવાની શક્યતા સેવાઈ રહી છે. ●

## તાપી જિલ્લામાં જ્ઞાનધારા પાઠશાળાઓ દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉત્સાહભેર ઉજવણી

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે રાજ્યકક્ષાએ યોજાયેલી ઉજવણી અંતર્ગત ઉકાઈ તાલુકા કક્ષાના કાર્યક્રમમાં જ્ઞાનધારા વાજરડા પાઠશાળાના બાળકોએ પોતાની કલા અને પ્રતિભાનું અદ્ભુત પ્રદર્શન કરી ઉપસ્થિત મહાનુભાવો અને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં.સર્વાંગી વિકાસ માટે કાર્યરત જ્ઞાનધારા પાઠશાળા દ્વારા આ પ્રસંગે બાળકોમાં રહેલી છૂપી પ્રતિભાને મંચ પૂરો પાડવામાં આવ્યો, જેના પરિણામે બાળકોએ પોતાની કળા ખૂબ જ સુંદર રીતે રજૂ કરી. બાળકોની આ સિદ્ધિ પાછળ પાઠશાળાના શિક્ષિકા નિર્મલાબેનની મહેનત અને માર્ગદર્શન મહત્ત્વનું રહ્યું હોવાનું જણાવાયું છે.

તાપી જિલ્લામાં ૬૦ પાઠશાળાઓમાં ઉજવણી

તાપી જિલ્લાના વ્યારા, ડોલવણ, સોનગઢ, ઉકાઈ અને ઉચ્છલ એમ પાંચ તાલુકાઓમાં આવેલી જ્ઞાનધારાની કુલ ૬૦ પાઠશાળાઓમાં પણ ૧૫૦૦થી વધુ બાળકોએ ઉત્સાહભેર વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરી હતી. બાળકોએ પોતાના પરંપરાગત પોશાક પહેરી, પરંપરાગત વાદ્યો વગાડી અને લોકનૃત્ય રજૂ કરી ઉજવણીમાં ભાગ લીધો હતો.આ પ્રસંગે નાના ભૂલકાઓએ સમાજને એવો સંદેશ પણ આપ્યો કે વિશ્વના ખૂણેખૂણે આ ઉત્સવ ઉજવીને આપણી પરંપરા અને સંસ્કૃતિનું ગૌરવ તથા એકતાનું પ્રદર્શન કરવું જોઈએ અને આ વારસો આવનારી પેઢીઓ માટે જાળવી રાખવો જોઈએ.

માનવતા જાગૃત ટ્રસ્ટ તરફથી શુભેચ્છા

આદિવાસી સંસ્કૃતિ, પરંપરા, કલા અને અસ્મિતાના જતન તથા નવી પેઢીને તેના ગૌરવથી પરિચિત કરાવવાના આ કાર્યમાં જોડાયેલા તાપી જિલ્લાના તમામ લોકોને માનવતા જાગૃત ટ્રસ્ટ પરિવાર તરફથી વિશ્વ આદિવાસી દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.×આદિવાસી સંસ્કૃતિ આપણું ગૌરવ, આપણી પરંપરા આપણી ઓળખ અને આપણા બાળકો આપણું ભવિષ્ય.

## ચેક રીટર્ન કેસમાં દોષિત સાબિત થતાં સુરતના વેપારીને બે વર્ષની સજા
### હિંમતનગરની સિરામીકમાંથી માલ લઈ આપેલો રૂ.૧૮.૮૪ લાખનો ચેક ડિસઓનર થયો હતો

હિંમતનગર-પ્રાંતિજ રોડ પર આવેલી એક સિરામીક કંપનીમાંથી છ વર્ષ અગાઉ માલ ખરીદનાર સુરતના એક વેપારીને ચેક કેસમાં દોષિત ઠરાવી કોર્ટે બે વર્ષની કેદની સજા ફટકારી છે. સાથે જ ચેકમાં દર્શાવેલી સંપૂર્ણ રકમ વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ પણ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વર્ષ ૨૦૨૦માં સુરતના વેપારી અશોક શાંતિલાલ સામરાએ પ્રાંતિજ તાલુકાના દલપુર ગામની સીમમાં આવેલી એમેઝોન સિરામીકમાંથી અંદાજે રૂ.૧૮.૮૪ લાખનો માલ ખરીદ્યો હતો. આ રકમની ચુકવણી પેટે તેમણે એમેઝોન સિરામીકના સંચાલકોને એક ચેક આપ્યો હતો, પરંતુ નિયત સમયમર્યાદામાં માલની રકમ ભરપાઈ થઈ ન હતી.

આથી સિરામીકના સંચાલકોએ વકીલ કેતકીબેન સોનીની મદદ લઈ હિંમતનગરની કોર્ટમાં ચેક રીટર્નનો કેસ દાખલ કરાવ્યો હતો. આ કેસની અંતિમ સુનાવણી તાજેતરમાં હાથ ધરાઈ હતી, જેમાં ન્યાયાધીશ ચંગીઝ રાઠોડ સમક્ષ વકીલ કેતકીબેન સોનીએ દસ્તાવેજી પુરાવા અને દલીલો રજૂ કરી હતી.

તમામ પુરાવા અને દલીલોને ગ્રાહ્ય રાખી ન્યાયાધીશે સુરતના વેપારી અશોક સામરાને દોષિત ઠરાવ્યા હતા અને તેમને બે વર્ષની કેદની સજા ફટકારવા સાથે ચેકમાં દર્શાવેલી રૂ.૧૮.૮૪ લાખની રકમ ફરિયાદી પક્ષને વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. ●

## પ્રાંતિજની ખારી નદીની કોતરોમાંથી દેશી બંદૂક સાથે યુવક ઝડપાયો, એક સાગરીત ફરાર

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં દલાનીમુવાડી નજીક આવેલી ખારી નદીની કોતરો વિસ્તારમાં હથિયાર સાથે બે યુવકો ફરી રહ્યા હોવાની બાતમીના આધારે એસઓજીની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ શરૂ કરતાં બંને યુવકો ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે પીછો કરીને એક યુવકને ઝડપી પાડ્યો હતો જ્યારે તેનો અન્ય સાગરીત ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.

પકડાયેલ યુવકની ઓળખ અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડગામ ગામના રહેવાસી અકબર સિંધી તરીકે થઈ છે. તેની પાસેથી એક દેશી બંદૂક મળી આવતાં પોલીસે કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ફરાર થયેલા અન્ય યુવકની ઓળખ માણસા વિસ્તારના રહેવાસી તરીકે સામે આવી હોવાનું જાણવા મળ્યું છે. એસઓજી દ્વારા તેની શોધખોળ માટે વિવિધ સ્થળોએ તપાસ શરૂ કરવામાં આવી છે.

સમગ્ર મામલે પ્રાંતિજ પોલીસ અને એસઓજી દ્વારા હથિયાર ક્યાંથી મેળવવામાં આવ્યું, તેનો ઉપયોગ કયા હેતુસર થવાનો હતો તેમજ બંને યુવકોની સંડોવણી અંગે વધુ તપાસ હાથ ધરવામાં ●

## વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ૯ ઓગસ્ટે યોજાશે ભવ્ય મહારેલી અને મહાસભા

૯મી ઓગસ્ટ 'વિશ્વ આદિવાસી દિવસ' ની સમગ્ર વિસ્તારમાં ઉત્સાહભેર ઉજવણી કરવા માટે વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તે આદિવાસી સમાજ દ્વારા એક વિશાળ મહારેલી તથા મહાસભાનું આયોજન હાથ ધરાયું છે. આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌપ્રથમ હડાદ ગામે સમાજના અગ્રણીઓ અને કાર્યકરોની એક મહત્ત્વની સમીક્ષા મિટિંગ યોજાશે. મિટિંગ બાદ યોજાનાર આ મહારેલી હડાદ, ખેરોજ, લાંબડીયા અને પોશીના જેવા મુખ્ય વિસ્તારોમાં ફરીને આદિવાસી સંસ્કૃતિ, એકતા અને અધિકારોનો સંદેશો પાઠવશે. આ ઉજવણી અંતર્ગત આદિવાસી સમાજના લોકો પોતપોતાની પરંપરાગત વેશભૂષા, વાજિંત્રો અને સાંસ્કૃતિક ધરોહર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. "જય જોહાર, જય આદિવાસી, જય ભીલપ્રદેશ" ના નારાઓ સાથે સમગ્ર વિસ્તાર ગુંજી ઉઠશે.

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan, 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430. Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat 383430. Place & Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka : Idar, District : Sabarkantha, Gujarat - 383430.

## છ મહિનાથી નાસતો ફરતો પ્રોહિબિશનનો આરોપી સાબરકાંઠા SOG ના હાથે ઝડપાયો
## હિંમતનગર બસ સ્ટેશન નજીકથી ધરપકડ, રાજસ્થાનનો રહેવાસી નીકળ્યો આરોપી

સાબરકાંઠા જિલ્લાના પોશીના પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા પ્રોહિબિશન એક્ટના ગુનામાં છેલ્લા છ મહિનાથી નાસતા ફરતા આરોપીને સાબરકાંઠા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ની ટીમે ઝડપી પાડ્યો છે.

નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ તથા પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલની સૂચનાથી ATS ચાર્ટર અન્વયે નાસતા આરોપીઓને પકડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. વાળા (SOG સાબરકાંઠા) ના માર્ગદર્શન અને PSI કે.યુ. ચૌધરી તથા PSI પી.એમ. ઝાલાની રાહબરી હેઠળ SOG સ્ટાફ હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો.

આ દરમિયાન ASI વિક્રમસિંહ મંગળસિંહ (બકલ નં. ૫) અને પોલીસ કોન્સ્ટેબલ ગોપાલભાઈ પ્રવીણભાઈ (બકલ નં. ૭૩૨) ને તેમના ખાનગી બાતમીદાર પાસેથી મળેલી માહિતીના આધારે પોશીના પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. ૧૧૨૦૯૦૪૦૨૬૦૦૩૩/૨૦૨૬ (પ્રોહિબિશન એક્ટ કલમ ૬૫એ, ઈ, ૮૧, ૮૩) નો નાસતો આરોપી હિંમતનગર બસ સ્ટેશન સામેના રોડ પરથી ઝડપાયો હતો.

આરોપીની ઓળખ જુમાભાઈ જીવરામભાઈ ગરાસિયા (ઉંમર ૪૨, રહે. નીચલીગઢ, તા. આબુરોડ, જિ. શીરોહી, રાજસ્થાન) તરીકે થઈ છે.

પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૫(૧)(જે) મુજબ આરોપીની અટકાયત કરી વધુ કાર્યવાહી માટે હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનને સુપરત કરવામાં આવ્યો છે.

કામગીરીમાં જોડાયેલ સ્ટાફ: PSI કે.યુ. ચૌધરી (SOG), HC વિક્રમસિંહ, HC પ્રકાશકુમાર, PC ગોપાલભાઈ, PC અનિરુધ્ધસિંહ અને PC ઝાહિદહુસેન.

### જાહેર નોટીસ
### કુ.પૂજા જોષી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ઈડરની કોર્ટમાં

નં.એમ.એ.જી./મરણ/કેસ નં.૪૬/૨૦૨૬

અરજદાર : લાલખાન નજરખાન મકરાણી
રહે. સુરપુર, તા.ઈડર, જી.સાબરકાંઠા.

:: વિરુધ્ધ ::

સામાવાળા : રજીસ્ટ્રાર જન્મ મરણ નોંધણી અને
તલાટી કમ મંત્રીશ્રી, સુરપુર, તા.ઈડર,જી.સાબરકાંઠા.

વિષય : રજીસ્ટ્રાર જન્મ-મરણઅધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી કરવા બાબત...

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદારશ્રીની અરજીમાં તેમના પિતા-નજરખાન લાલખાન મકરાણીનું મરણ તા.૦૫-૦૫-૨૦૧૩ ના રોજ સુરપુર તા.ઈડર, મુકામે થયાનું જણાવેલ છે. જેની જે તે નોંધણી થયેલ નથી અને તેને એક વર્ષ કરતાં વધુ સમય થયેલ હોઈ નોંધણી કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦ મા અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહી આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૩-૦૮-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ઈડર.

## ગુજરાતમાં એનાલોગ પનીર, ચીઝ અને બટર પર સંપૂર્ણ પ્રતિબંધ :
## ૬ ઓગસ્ટથી ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ પર રોક – નિયમ ભંગ કરનાર સામે કડક કાર્યવાહી

જન આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં ગુજરાત સરકારે રાજ્યમાં એનાલોગ પનીર, એનાલોગ ચીઝ અને એનાલોગ બટરના ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યમાં આ પ્રતિબંધ ૬ ઓગસ્ટથી અમલમાં આવશે. સરકારના જણાવ્યા મુજબ લોકોના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં અને નિયમોનો ભંગ કરનાર સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિવિધ સ્થળોએ લેવામાં આવેલા સેમ્પલ અને લેબોરેટરી પરીક્ષણ દરમિયાન દૂધના બદલે વનસ્પતિ તેલ તથા અન્ય બિન-ડેરી ઘટકોનો ઉપયોગ કરીને પનીર જેવા ઉત્પાદનો તૈયાર કરવામાં આવતા હોવાની વિગતો સામે આવી હતી. આવા ઉત્પાદનો ગ્રાહકોને ભ્રમિત કરે છે તેમજ આરોગ્ય માટે પણ જોખમરૂપ બની શકે છે.

સરકારના આ નિર્ણયથી હવે રાજ્યમાં એનાલોગ ડેરી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કે વેચાણ કરનાર ઉત્પાદકો, વેપારીઓ અને ફૂડ બિઝનેસ ઓપરેટરો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ અસલી ડેરી ઉત્પાદકોને પણ રાહત મળશે અને ગ્રાહકોને ગુણવત્તાસભર તથા શુદ્ધ ડેરી ઉત્પાદનો ઉપલબ્ધ કરાવવાનો સરકારનો પ્રયાસ વધુ મજબૂત બનશે.

એનાલોગ ડેરી પ્રોડક્ટ્સ એટલે શું?

એનાલોગ પનીર, ચીઝ અને બટર એવા ઉત્પાદનો છે જેમાં દૂધમાંથી મળતા કુદરતી ફેટના સ્થાને વનસ્પતિ તેલ, પ્રોસેસ્ડ ફેટ અથવા અન્ય બિન-ડેરી ઘટકોનો ઉપયોગ કરવામાં આવે છે. દેખાવ અને સ્વાદમાં તે અસલી ડેરી ઉત્પાદનો જેવા લાગતા હોવા છતાં તે પરંપરાગત ડેરી ઉત્પાદનો નથી.

મુખ્ય મુદ્દા:

૬ ઓગસ્ટથી સમગ્ર ગુજરાતમાં પ્રતિબંધ અમલમાં.

ઉત્પાદન, સંગ્રહ, પરિવહન, વિતરણ અને વેચાણ પર સંપૂર્ણ રોક.

નિયમ ભંગ કરનાર સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ હેઠળ કાર્યવાહી.

ગ્રાહકોના આરોગ્યની સુરક્ષા અને અસલી ડેરી ઉત્પાદકોના હિત માટે સરકારનું કડક પગલું.

## ઇડર નાગરિક બેંકની ચૂંટણી જાહેર ૨૩ ઓગસ્ટે મતદાન અને મતગણતરી
## વિકાસ પેનલે ૧૩ ઉમેદવારો જાહેર કર્યા ૨૨,૨૨૨ સભાસદો કરશે મતાધિકારનો ઉપયોગ




ઇડર નાગરિક સહકારી બેંકના નિયામક મંડળની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં ઇડર તાલુકાના સહકારી રાજકારણમાં ગરમાવો આવ્યો છે. આગામી તા. ૨૩ ઓગસ્ટે યોજાનારી ચૂંટણી માટે વિકાસ પેનલે પોતાના ૧૩ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મતદાન અને મતગણતરી એક જ દિવસે હાથ ધરાશે.

ચૂંટણી અધિકારી પીકેશભાઈ શાહના જણાવ્યા મુજબ કુલ ૪૬ ઉમેદવારી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમાંથી ૪૨ ઉમેદવારીપત્રો ભરાયા હતા. ચકાસણી દરમિયાન ૪ ફોર્મ નામંજૂર થતાં હાલમાં ૩૮ ઉમેદવારીપત્રો માન્ય ઠર્યા છે. ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારોની આખરી યાદી જાહેર કરવામાં આવશે.

બેંકના નિયામક મંડળમાં કુલ ૧૩ બેઠકો માટે ચૂંટણી યોજાશે. જેમાં ૧૦ સામાન્ય પુરુષ, ૨ સામાન્ય મહિલા તથા ૧ અનુસૂચિત જાતિની બેઠકનો સમાવેશ થાય છે. ચૂંટણી તા. ૨૩ ઓગસ્ટે ઇડરના કે.એમ. પટેલ વિદ્યાસંકુલ ખાતે યોજાશે. મતદાન પૂર્ણ થયા બાદ તે જ સ્થળે મતગણતરી હાથ ધરી પરિણામ જાહેર કરવામાં આવશે.

ઇડર નાગરિક સહકારી બેંકમાં અંદાજે ૨૨,૨૨૨ નોંધાયેલા સભાસદો મતાધિકાર ધરાવે છે, જે મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. વિકાસ પેનલ દ્વારા ઉમેદવારો જાહેર કરાયા બાદ આગામી દિવસોમાં અન્ય પેનલો પણ મેદાનમાં ઉતરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કેટલાક ઉમેદવારો સ્વતંત્ર રીતે પણ ચૂંટણી લડે તેવી ચર્ચાઓ સહકારી વર્તુળોમાં ચાલી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ વિવિધ સમાજોના આગેવાનોની દરમિયાનગીરી બાદ મિસ્ત્રી સમાજના બે ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લીધી છે. ઉપરાંત નાગરિક બેંકના પૂર્વ ચેરમેન કૈલાશભાઈ તવરે પણ સ્વૈચ્છિક રીતે ઉમેદવારી પરત ખેંચી લેતા ચૂંટણીના રાજકીય સમીકરણોમાં ફેરફાર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવે ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જાહેર થનારી આખરી ઉમેદવારોની યાદી અને ચૂંટણીનું ચિત્ર સૌના ધ્યાનનું કેન્દ્ર બન્યું છે.

### ઇડર રાજકારણમાં ગરમાવો

# ધારાસભ્યના નજીકના હોમગાર્ડ પદાધિકારીનો ભોગ લેવાયો

સાબરકાંઠા જિલ્લાના રાજકારણમાં આગામી સમયના સમીકરણોને લઈ અત્યારથી જ ભારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઇડર વિધાનસભા મતવિસ્તારમાં સત્તાધારી સંગઠન અને જૂથબંધીના આંતરિક ખટપટના સમાચાર વહેતા થયા છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, ભૂતકાળમાં અનુસૂચિત મોરચામાં મહત્વના પદાધિકારી રહી ચૂકેલા અને વર્ષોથી ઇડર વિધાનસભા બેઠક પરથી દાવેદારી કરવા માટે થનગની રહેલા એક સ્થાનિક નેતા દ્વારા પોતાના રાજકીય લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે મોટા પાયે વ્યૂહરચના ગોઠવવામાં આવી રહી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

**ધારાસભ્યના જૂથને નબળું પાડવા મથામણ?**

સ્થાનિક વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ, આ મહત્વાકાંક્ષી નેતાએ ઇડર વિધાનસભા બેઠક પર પોતાના રાજકીય વર્ચસ્વનો અજગરી ભરડો મજબૂત કરવા માટે વર્તમાન ધારાસભ્યના ટેકેદારો અને ખાસ સમર્થકોને એક પછી એક નિશાનો બનાવવાનું શરૂ કર્યું છે. વર્તમાન ધારાસભ્ય સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા અને હોમ ગાર્ડ વિભાગમાં ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવતા એક પદાધિકારીને હેરાન-પરેશાન કરવા માટે અનેક રસ્તાઓ અપનાવવામાં આવ્યા હોવાના સંગીન આરોપો ઉઠી રહ્યા છે.

**RTI શસ્ત્રનો ઉપયોગ કરી માહિતી મેળવાઈ**

આ સમગ્ર પ્રકરણમાં હિંમતનગર શહેરના એક આર.ટી.આઈ. RTI એક્ટિવિસ્ટની ભૂમિકા સામે આવી રહી છે. માહિતી અધિકાર કાયદા હેઠળ અરજીઓ કરી હોમ ગાર્ડ વિભાગના ઉચ્ચ અધિકારી સામે સંબંધિત વિગતો મેળવવામાં આવી હતી. ત્યારબાદ આ જ ક્ષતિઓ કે માહિતીના આધારે હોમગાર્ડ વિભાગના જવાબદાર અધિકારી પર ગાજ પડી હોવાનું અને આખરે તેમનો ભોગ લેવાયો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

**આગામી સમયમાં રાજકીય સમીકરણો બદલાવાના એંધાણ**

ઇડર પંથકમાં એવી ચર્ચાઓએ વેગ પકડ્યો છે કે, તબક્કાવાર રીતે ધારાસભ્યના જૂથના પાયાના ટેકેદારોને દૂર ધકેલીને પોતાની દાવેદારી મજબૂત કરવાનો આ એક આયોજનબદ્ધ ખેલ છે. હોમ ગાર્ડ અધિકારી જેવા જવાબદાર પદ પર રહેલી વ્યક્તિનો ભોગ લેવાયા બાદ અન્ય ટેકેદારોમાં પણ ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

હાલ તો સાબરકાંઠા જિલ્લાના રાજકારણમાં અનુસૂચિત મોરચાના આ પૂર્વ પદાધિકારી અને હિંમતનગરના આર.ટી.આઈ. એક્ટિવિસ્ટની જોડી દ્વારા ખેલાયેલી આ રાજકીય ચાલને લઈને ચારેય તરફ ભારે ચર્ચા જાગી છે, ત્યારે આગામી દિવસોમાં આ મામલે ધારાસભ્ય જૂથ તરફથી કેવો વળતો પ્રહાર કરવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

**આ ભાજપના નેતા પર બદલી કરાવવાના નામે રૂપિયા લીધાનો આક્ષેપ**

અધિકારીની બદલી કરાવવાના નામે ભાજપના એક નેતા દ્વારા રૂપિયા લેવામાં આવ્યા હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. સમગ્ર મામલે ચર્ચાઓ તેજ બની છે. જો આક્ષેપો અંગે સત્તાવાર ફરિયાદ અથવા તપાસ થશે તો હકીકત સામે આવશે. હાલ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

પ્રાંતિજ પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની મારામારી, ધમકી, સરકારી કર્મચારીની ફરજમાં અવરોધ અને અન્ય સંબંધિત કલમો તેમજ મોટર વાહન અધિનિયમની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે હુમલાખોરોની ઓળખ અને તેમની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે. ●

## સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તાલુકા શહેર પ્રભારીશ્રીઓની નિમણૂક જાહેર

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી રામભાઈ વી. સોલંકીએ જિલ્લાના તમામ તાલુકા અને શહેરોમાં પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે પ્રભારીશ્રીઓની નિમણૂક જાહેર કરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઈ ચાવડા, વિધાનસભા વિપક્ષ નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, એ.આઈ.સી.સી.ના મંત્રી અને ગુજરાત કોંગ્રેસના સહપ્રભારી સુભાષિની યાદવજી તથા જિલ્લા પ્રભારીશ્રીઓ સાથે પરામર્શ કરીને આ નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક પાછળનો ઉદ્દેશ્ય જિલ્લાના તાલુકા અને શહેરોમાં મંડલ, સેક્ટર, બુથ સમિતિ, જનસંપર્ક, પદયાત્રા તથા તાલુકા સંગઠનની કામગીરી સુચારુ રીતે ચલાવવાનો તથા પક્ષના કાર્યક્રમોને સફળતાપૂર્વક પાર પાડવાનો છે.

**કયા તાલુકામાં કોને જવાબદારી**

જાહેર કરાયેલી યાદી મુજબ ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના, વડાલી, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ — એમ કુલ આઠ તાલુકા/શહેરો માટે અલગ-અલગ ચાર-ચાર પ્રભારીશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે.

**જિલ્લા ફ્રન્ટલ સેલ પ્રભારીશ્રીઓ પણ જાહેર:**

આ ઉપરાંત જિલ્લા કક્ષાએ એસ.સી./એસ.ટી. સેલ, ઓબીસી-માઈનોરિટી અને સેવાદળ, મહિલા કોંગ્રેસ, પંચાયતીરાજ સેલ, સોશિયલ મિડિયા સેલ, પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક અને પ્રેસ મિડિયા, યુથ કોંગ્રેસ-એન.એસ.યુ.આઈ., સરકારી કચેરીઓ તથા ચૂંટણી સંબંધિત કામગીરી અને કાર્યાલય ઈન્ચાર્જ માટે પણ પ્રભારીશ્રીઓની નિમણૂક કરવામાં આવી છે.

જિલ્લા પ્રમુખશ્રી રામભાઈ સોલંકીએ તમામ તાલુકા/શહેર પ્રમુખશ્રીઓ તથા સંગઠનના હોદ્દેદારોને નવનિયુક્ત પ્રભારીશ્રીઓ સાથે સંકલન સાધી પક્ષને વધુ મજબૂત બનાવવા અનુરોધ કર્યો છે. ●

## પ્રાંતિજમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા, રૂ.૭૦,૩૦૦નો મુદ્દામાલ કબજે

સાબરકાંઠા જિલ્લામાં પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિ નાબૂદ કરવાના પોલીસ વડાઓના આદેશ બાદ પ્રાંતિજ પોલીસે બાલીસણા ગામ નજીકથી જુગાર રમતી એક ટોળકીને ઝડપી પાડી છે.

પોલીસ પ્રાઇન્સ્પેક્ટર ડી.આર.પઢેરીયા અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.આર.નિમ્બાર્ક તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીદારો મારફતે માહિતી મળી કે બાલીસણા ગામે રોડ પર લાલસિંહ કેસરીસિંહ મકવાણાના ઘર નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પત્તાની રમત વડે હારજીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો.

દરોડામાં દાદુસિંહ કાનસિંહ ચૌહાણ (ઉ.વ.૩૫), કરણસિંહ બસંતસિંહ ચૌહાણ (ઉ.વ.૩૦), દિલીપસિંહ હિરસિંહ મકવાણા (ઉ.વ.૪૦), મનહરસિંહ મોહનસિંહ રાઠોડ (ઉ.વ.૩૯) અને રંગુભાઈ અજમેલભાઈ ઓડ (ઉ.વ.૩૫) — આ પાંચેય બાલીસણા (તા.પ્રાંતિજ)ના રહેવાસી તથા અજીતસિંહ ભિખુસિંહ સોલંકી (ઉ.વ.૩૨, રહે. દોલતાબાદ, તા.તલોદ) — એમ કુલ છ શખ્સો ઝડપાયા હતા.

આરોપીઓ પાસેથી રોકડ રૂ.૩૦,૩૦૦, ગંજીપત્તાના પાના ૫૨ નંગ, ત્રણ મોબાઈલ ફોન અને એક મોટરસાયકલ મળી કુલ રૂ.૭૦,૩૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ●

## સાબરકાંઠા સામાજિક વનીકરણ વિભાગમાં કરોડોના વૃક્ષારોપણ કૌભાંડનો આક્ષેપ, તપાસની માંગ ઉગ્ર

પરિક્ષેત્ર વન અધિકારી સામે લેખિત ફરિયાદ, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન આર.કે. પંડ્યાના કાર્યકાળમાં લાખો રૂપિયાના ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપ :સાબરકાંઠા સામાજિક વનીકરણ વિભાગના હિંમતનગર પરિક્ષેત્રમાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કરવામાં આવેલા વૃક્ષારોપણ અને વિવિધ વનીકરણ કાર્યોમાં ગંભીર ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે નાયબ વન સંરક્ષકને લેખિત ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદમાં સંબંધિત પરિક્ષેત્ર વન અધિકારી સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ આર.કે. પંડ્યાના કાર્યકાળ દરમિયાન અનેક સ્થળોએ કાગળ પર હજારો રોપાઓ વાવવામાં આવ્યા હોવાનું દર્શાવાયું છે, પરંતુ વાસ્તવિક સ્થળ તપાસમાં મોટી સંખ્યામાં રોપાઓ જોવા મળતા નથી. કેટલાક વિસ્તારોમાં રોપાઓના બદલે ખાડા, વાડબંધી અને અન્ય કામોના ખર્ચ દર્શાવી સરકારી નાણાંના દુરુપયોગના આક્ષેપ કરવામાં આવ્યા છે.

ફરિયાદમાં મનેપુર, એસ-મોડેલ, ફ્રૂટ વેસ્ટલેન્ડ, હિંમતનગર આરટીઓથી વિજાપુર રોડ સહિતના વિવિધ વિસ્તારોના કામોનો ઉલ્લેખ કરીને હજારો રોપાઓનું વાવેતર કાગળ પર દર્શાવાયું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઉપરાંત અનેક સ્થળોએ વાડબંધી, ટ્રેન્ચિંગ અને અન્ય કામગીરીમાં પણ ગેરરીતિ થઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદકર્તાએ માંગ કરી છે કે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન મંજૂર થયેલા તમામ વનીકરણ કાર્યોની સ્થળ પર જઈને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, ગ્રાન્ટનો ઉપયોગ, વાવેતર, વાડબંધી અને અન્ય કામોની ચકાસણી કરવામાં આવે તેમજ દોષિત અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. ●